**<u>ચાર્જશીટ નીચે હુકમ-</u>**

(૧) આ કામે તપાસ કરનાર અમલદાર ધ્વારા દાખલ કરેલ ચાર્જશીટ અને કેસ પેપર્સ વંચાણે લીધા તેમજ શ્રી સરકાર તરફે વિ.એપીપીશ્રીની દલીલો સાંભળી.સદરહું કેસમાં તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબના ગુનાનું ચાર્જશીટ કરેલ છે જે કોગ્નીઝેબલ છે. પરંતુ ભારતીય ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૧૯૫ વંચાણે લેતા ઈ.પી.કોડ કલમ-૧૭૨ થી ૧૮૮ તળેના ગુનાઓ માટે ત્યાં સુધી ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકાય નહી જયાં સુધી આ ગુનાની લેખિત ફરીયાદ સંબંધિત રાજય સેવક કે અધિકારી કે વહીવટી અધિકારી તરીકે ફરીયાદ ન કરે. હાલના કેસમાં ચાર્જશીટ કરેલ છે જેમાં **જીલ્લા મેજી.શ્રી, ખેડાના** જાહેરનામાના હુકમનો ભંગ થયેલ છે. પરંતુ જીલ્લા્ મેજી.શ્રી. ધ્વારા કે તેના કોઈ વહીવટી તાબાના અધિકારી ધ્વારા નામદાર કોર્ટ રુબરુ કોઈ ફરીયાદ દાખલ કરેલ નથી. તે બાબત સ્પષ્ટ સાબીત થાય છે.

(૨) આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના દોલતરામ વિ. સ્ટેટ ઓફ પંજાબ, એ.આઈ.આર, ૧૯૬૨ એસ.સી.પાના નં.૧૨૦૬ ઉપર પ્રસિઘ્ધ ચુકાદામાં ઠરાવ્યા મુજબ મેજીસ્ટ્રેટ ધ્વારા પોલીસ રીપોર્ટ ઉપરથી કોગ્નીજન્સ લઈ તકસીરવાન ઠરાવેલ પરંતુ ક્રિ.પ્રો.કોડની કલમ૧૯૫ નો બાધ હોય તેથી તે સજા મેજીસ્ટ્રેટની હકુમત વિનાની ગણાય જેથી કાર્યવાહી મુળથી વ્યર્થ ગણાય એટલે કે VOID AB INTIO ગણાય. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના રામજી ભીખા કોળી વિ. સ્ટેટ ઓફ ગુજરાત,૧૯૯૯ સી.આર.એલ.જે. પેજ નં.૧૨૪૪ ઉપર પ્રસિઘ્ધ ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે લેખિત ફરીયાદ હોવી જોઈએ, જો ન હોય તો ક્રિ.પ્રો.કોડની કલમ-૧૯૫ નો બાધ નડે જે કેસમાં ફરીયાદપક્ષને નવી રીતે કાર્યવાહી કરી શકશે તેવું ઠરાવેલ. વધુમા ૨૦૦૬(૦) સુપ્રિમ(પટના) પેજ નં.૧૧૧૬ યાદવ વિ. સ્ટેટ ઓફ બિહારના ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે, રાજય સેવક કે અધિકારીના હુકમનો ભંગ થયેલ હોય ત્યારે રાજય સેવક કે વહીવટી અધિકારીએ ફરીયાદ કરવી પડે તેના તાબા હેઠળના અધિકારી ફરીયાદ ઓથોરાઈઝ તરીકે કરી શકે નહી.

(૩) તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા હાજી ઓસ્માન હાજી સુલેમાન

ભાયા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમિનલ મિસ.એપ્લીકેશન નં.૧૧૬૭૫/૨૦૧૫ વીથ ક્રિમિનલ મીસ એપ્લીકેસન નં.૧૧૬૭૬/૨૦૧૫, તા.૨૨/૧/૨૦૨૦ ના ચુકાદાના પેરા નં.૫ અને ૫.૧ માં ઈ.પી.કોડની કલમ-૧૮૮ અને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૧૯૫ સંદર્ભે નીચે મુજબનું અવલોકન અને ચર્ચા કરેલ છે.

(4) Having heard the learned advocates for the respective parties and having gone through the materials on record, it appears that there is very thin line in persuading the provisions of Sections 188 of the IPC and Section 195 of the Cr.P.C., which obviously is not the routine tasks, so that it may easily be kept in mind while filing any such FIR by the police authority or taking cognizance by the learned Magistrate. In the case on hand, if we take the FIRs as it is, there is no complaint by the owner/administrator in whose factory these applicants were working. It is obvious to follow any notification / gazette being published by any competent authority / policy authority. As in the case on hand, there is a Notification issued under Section 144 of the Cr.P.C by the office of the District Magistrate which provides to supply information regarding the persons coming from outside of the State and doing any kind of labour works, to the concerned police station. This notification appears to have been issues for the safety purpose of the person/s on whose residence/factory/field, such workers/ labourers, who are outsiders, are doing labour work. However, it is not obligatory to such employers/ owners at whose residence/ factory such persons are doing labour work which is clearly contemplating in Section 188 of the IPC, which reads as under:

"188. Disobedience to order duly promulgated by public servant. - Whoever, knowing that, by an order promulgated by a public servant lawfully empowered to promulgate such order, he is directed to abstain from a certain act, or to take certain order with certain property in his possession or under his management, disobeys such direction, shall, if such disobedience causes or tends to cause obstruction, annoyance or injury, or risk of obstruction, annoyance or injury, to any person lawfully employed, be punished with simple imprisonment for a term which may extend to one month or with fine which may extend to two hundred rupees, or with both; and if such disobedience causes or tends to cause danger to human life, health or safety, or causes or tends to cause a riot or affray, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees or with both.

Explanation.- It is not necessary that the offender should intend to produce harm, or contemplate his disobedience as likely to produce harm. It is sufficient that he knows of the order which he disobeys, and that his disobedience produces, or is likely to produce, harm.

Illustration An order is promulgated by a public servant lawfully empowered to promulgate such orders, directing that a religious procession shall not pass down a certain street. A knowingly disobeys the order, and thereby causes danger of riot. A has committed the offence defined in this section."

4.1. Even, Section 195 of the Cr.P.C restrains the Magistrate

to take even cognizance of such complaints. Section 195 of the Cr.P.C. read as under :

"195. Prosecution for contempt of lawful authority of public servants, for offences against public justice and foe offences relating to documents given in evidence.

(1) No Court shall take cognizance-

(a) (i) of any offence punishable under sections 172 to 188 (both inclusive) of the Indian Penal Code (45 of 1860), or (ii) pf any abetment of, or attempt to commit, such offence, or (iii) of any criminal conspiracy to commit such offence except on the complaint in writing of the public servant concerned or of some other public servant to whom he is administratively subordinate;"

Thus, it is mandatory to file complaint by the public servant concerned for the offence punishable under Section 188 of the IPC, but, in the case on hand, the police constable has filed the complaint, hence, the applicants have made out the case where the jurisdiction of this Court is required to be exercised.

(૫) આમ, નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઉપરોકત ચુકાદામાં કરેલ અવલોકન અને ચર્ચા ધ્યાને લેતા તેમજ હાલના કેસનું રેકર્ડ જોતાં, હાલના કેસમાં આરોપી સામે આગળની કાર્યવાહી કવા માટે ક્રિ.પ્રો.કોડ કલમ-૧૯૫ નો બાધ નડતો હોય જેથી હવે ચાર્જશીટના આધારે આરોપી સામે કાર્યવાહી કરી શકાય નહી. જેથી, આરોપી સામે આગળની કાર્યવાહી ચલાવવા પાત્ર થતી ના હોય, વધુમા હાલનો કેસ સમન્સ ટ્રાયબલ હોય, અને પોલીસ રીપોર્ટ ઉપરથી કાર્યવાહી શરુ થયેલ હોય , આ તબકકે ક્રિ.પ્રો.કોડની કલમ-૨૫૮ નો ઉપયોગ કરવો ન્યાયી અને વ્યાજબી જણાય છે. જેથી, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

/// **હુકમ** ///

આ કેસનું પ્રોસીડીંગ્સ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ-૨૫૮ અન્વયે સ્થગિત યાને કે સ્ટોપ કરવાનો હુકમ કરવામાં આવે છે. અને તે રીતે હાલનો કેસ ફેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧ ડીસેમ્બર સને.૨૦૨૧ નારોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૧/૧૨/૨૦૨૧
કપડવંજ

(અતુલ મોહનભાઈ વસાવા)
અધિક ચીફ જયુ.મેજીસ્ટ્રેટ
કપડવંજ
gj01117